


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૭૭ | ૬ સપ્ટેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર; શ્રાવણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઉત્તરપ્રદેશના છ જિલ્લામાં પુરની સ્થિતિ ચિંતાજનક

**છેલ્લા ૨૪ કલાકમાં જ વરસાદ અને વીજળી પડવાના ઘણા બનાવ : મોનસુન વધારે ૧૦ દિવસ સુધી સક્રિય રહેવા માટેની આગાહી : છ જિલ્લામાં પુર અને ૧૬ જિલ્લાઓમાં પુરનો ખતરો : ૧૨ હજારથી વધારે લોકો કેમ્પમાં**





લખનૌ, તા. ૫

ઉત્તરપ્રદેશના મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે પુરની સ્થિતિ સર્જાઈ ગઇ છે. મંગળવારથી અવિરત વરસાદ જારી રહેવાના કારણે હાલત કફોડી બનેલી છે. છેલ્લા ૨૪ કલાકમાં જ વરસાદ અને વીજળી પડવાના કારણે વધુ ૧૮ લોકોના મોત થઈ ગયા છે. યુપીમાં હજુ સુધી વરસાદ સંબંધિત બનાવમાં ૨૨૬થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે અને મોટી સંખ્યામાં લોકો ઘર વગરના થયા છે. વરસાદ સંબંધિત બનાવોમાં અન્ય ૧૫ લોકો ઘાયલ થયા છે.

૨૨૬થી વધુ મકાનોને નુકસાન થયું છે. ગોંડા અને કૃષિનગરમાં ત્રણ ત્રણ લોકોના મોત થયા છે. મિરઝાપુર અને બિજનોરમાં બેના મોત થયા છે. ૧૭ જુદા જુદા ગામોના ૩૨ હજારથી વધુ લોકોને ગંગા નદીમાં પાણીની સપાટી વધી જવાના કારણે માઠી અસર થઈ છે. જ્યારે આ તમામ લોકોને જિલ્લામાં ૩૨ રાહત કેમ્પોમાં રહેવાની ફરજ પડી છે. હાલમાં ૧૨ હજાર લોકો રાહત કેમ્પમાં છે. ઉત્તરપ્રદેશમાં એકંદરે આ વર્ષે મોટી ખુવારી થઈ છે. નવ જિલ્લામાં એનડીઆરએફની ૧૧ ટીમો

● અનુસંધાન પાન-૭ પર

## પાક.ના રાષ્ટ્રપતિ પદે ડૉ. આરિફ અલ્વી

ઈસ્લામાબાદ,તા.૫

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનના નજીકની વ્યકિત અને તેમની પાર્ટીના સંસ્થાપક સભ્ય પૈકિના એક ડૉ. આરિફ અલ્વી પાક.ના ૧૩માં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. અલ્વીએ પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના ઉમ્મેદવાર એતઝાઝ અહસન અને પાકિસ્તાન મુસ્લિન લીગ-એનના ઉમેદવાર મૌલાના ફઝલ ઉર રેહમાનને ત્રિકોણીય મુકાબલામા મ્હાત આપી હતી.

## જાપાન પાસેથી ૧૮ બુલેટ ટ્રેન ખરીદવા તૈયારી

**૭૦ અબજ રૂપિયામાં આ ટ્રેનોની ખરીદ થશે : ૨૦૨૨ સુધી ગુજરાતમાં સુરતથી બિલીમોરા વચ્ચે પ્રથમ બુલેટ ટ્રેન અને ૨૦૨૩માં ફુલ બુલેટ ટ્રેનો દોડતી કરાશે**

નવી દિલ્હી,તા. ૫

ભારતમાં બુલેટ ટ્રેનને લઈને ઉત્સુકતા પ્રવર્તી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ૭૦ અબજ રૂપિયામાં જાપાન પાસેથી ૧૮ સીનકાસેન બુલેટ ટ્રેન ખરીદશે. સીનકાસેન બુલેટ ટ્રેન સિસ્ટમ વિશ્વની પ્રથમ હાઈસ્પીડ ટ્રેન સિસ્ટમ છે. આ ટ્રેન ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડે છે. વડાપ્રધાન મોદી જ્યારે જાપાન ગયા ત્યારે આ ટ્રેનમાં મુસાફરી કરીને આવ્યા હતા. જાપાનના વડાપ્રધાન સાથે મોદીએ આ ટ્રેનમાં મુસાફરી કરી હતી. મોદીનો મહત્વકાંક્ષી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હાલમાં ગુજરાતમાં અને કેટલીક અન્ય જગ્યાઓએ જમીન અધિગ્રહણને લઈને અડચણોનો સામનો કરી રહ્યો છે. ભારત ૧૮ બુલેટ ટ્રેન જાપાન પાસેથી ખરીદનાર છે. આ ટ્રેન ખરીદવા માટેની સમજૂતિમાં લોકલ પ્રોડકશન માટે ટ્રાન્સફર ટેકનોલોજીનો સમાવેશ થાય છે. એક અગ્રણી અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે અમે જાપાન પાસેથી ૧૮ બુલેટ ટ્રેન ખરીદવા જઈ રહ્યા છે. દરેક ટ્રેનમાં ૧૦ કોચ રહેશે અને તેની ગતિ ૩૫૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. રિપોર્ટ મુજબ સરકાર ટૂંક સમયમાં જ હાઈ સ્પીડ ટ્રેન માટે ટેન્ડર તરતા મુકશે.

● અનુસંધાન પાન-૭ પર

## ડોલર સામે રૂપિયો ફરી ગગડ્યો

ડૉલર સામે રૂપિયો મજબુતી સાથે ખુલતા કેટલાક કલાકોમાં ફરી ગગડ્યો હતો. ડૉલર સામે રૂપિયો ૨૧ પૈસા તૂટ્યો હતો. ૭૧.૭૯ના રેકોર્ડ સ્તરે પહોંચ્યો હતો. તેનું મુખ્ય કારણ બેંક્રોના આયાતકારો તરફથી ડૉલરની અચાનક કેરલી ખરીદી છે. મંગળવારે ડૉલરની સામે રૂપિયો ૩૭ પૈસા તૂટ્યો હતો ૭૧.૫૮ના રેકોર્ડ સ્તરે પહોંચ્યો હતો. ત્યારબાદ બુધવારે તેમાં શરૂઆતના વેપારમાં સુધારો થતા ૭૧.૪૩ પર ખુલ્યો હતો.

## દિલીપકુમારની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ

**શ્વાસ લેવાની તકલીફ અને ઈન્ફેકશનની સમસ્યા : ૯૫ વર્ષીય દિલીપકુમાર ટ્વીટર હેન્ડલથી માહિતી જારી**



નવી દિલ્હી, તા.૫

લોકપ્રિય અભિનેતા દિલીપ કુમારની તબિયત ફરી એકવાર લડથી ગઈ છે. તેમની તબિયત બગડ્યા બાદ દિલીપ કુમારને મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે. લીલાવતી હોસ્પિટલના ડિરેકટર ઓફ ઓપરેશન અજય પાંડેએ કહ્યું છે કે ચિંતાની કોઈ વાત નથી. દિલીપકુમાર અહીં રૂટીન તપાસ માટે આવતા રહે છે. ૯૫ વર્ષીય અભિનેતા દિલીપકુમારના ટ્વીટર પેજ મારફતે તેમની તબિયતમાં સુધારાની વાત કરવામાં આવી છે. ટ્રેજેડી કિંગ તરીકે જાણીતા દિલીપ કુમારના ટ્વીટર હેન્ડલથી તેમના આરોગ્યના સંદર્ભમાં માહિતી આપવામાં આવી છે. ટ્વીટમાં લખવામાં આવ્યું છે કે દિલીપ કુમારને છાંતીમાં ઈન્ફેકશનના કારણે મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દિલીપકુમાર એવા ઈન્ફેકશનથી રિકવરી કરી રહ્યા છે જેને લઈને તમામ લોકોની પ્રાર્થનાની જરૂર છે. આ પહેલા દિલીપકુમારને ઓગસ્ટ મહિનાના પ્રથમ સપ્તાહમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને તે વખતે ડીહાઈડ્રેશનના પરિણામ સ્વરૂપે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી દિલીપકુમારની તબિયત નિયમિત ગાળામાં બગડી રહી છે. બાબાસાહેબ ફાળકે એવોર્ડથી સમ્માનિત દિગ્ગજ અભિનેતા દિલીપકુમારને એપ્રિલ મહિનામાં પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તે વખતે તેમને તાવ, છાતીમાં ઈન્ફેકશન અને શ્વાસની તકલીફ થઈ હતી. દેવદાસ, મુગલે આઝમ, ગંગા જમુના જેવી યાદગાર ફિલ્મોમાં અભિનય કરનાર દિલીપકુમાર છેલ્લે કિલા ફિલ્મમાં નજરે પડ્યા હતા. આ ફિલ્મ ૧૯૯૮માં રજુ થઈ હતી.

## કાશ્મીરની સ્થિતિ સારી કરવા મોદી અટલજી બને : મહેબૂબા મુફ્તિ

**કલમ ૩૭૦ અને ૩૫-એ હટાવી તો સારું નહીં થાય : પૂર્વ મુખ્યમંત્રીના ધમકીભર્યા સૂર**

ન્યુ દિલ્હી,તા.૫

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫છ હટાવવા પર કાશ્મીરના નેતાએ નિવેદન આપ્યું છે. ધમકી ભર્યા સુરમાં તેમણે કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫છ હટાવવા પર જમ્મુ-કાશ્મીર સાથે સંબંધો પુરા કરી દેશે તેમ જણાવ્યું છે.

આ પ્રકારનું નિવેદન બાજુ કોઈ નહી પણ જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીએ આપ્યું છે. તેમણે કહ્યું કે, જો કલમ ૩૭૦ અને ૩૫છ હટાવવામાં આવશે તો સારૂ નહી થાય. આવી સ્થિતીમાં જમ્મુ-કાશ્મીર ભારત સાથેના સંબંધો પૂર્ણ કરી દેશે.

મફતીએ ધમકી ભર્યા સુરમાં કહ્યું કે, ૩૭૦ અને ૩૫છ રાજ્યની એક અલગ ઓળખ છે, જેને કોઈ પણ સ્થિતીમાં બચાવી રાખવામાં આવશે. રાજૌરીની મુલાકાતે આવેલી ँ ढ અધ્યક્ષે કહ્યું કે, રાજ્યની સ્થિતી સામાન્ય કરવા માટે વડાપ્રધાન મોદીએ અટલ બિહારી વાજપેયી બનવું પડશે, જે માટે પાકિસ્તાન સાથે વાત કરવી જરૂરી છે. તેમજ મુફતીએ અપીલ કરી કે, કાશ્મીર માટે વડાપ્રધાન મોદીએ પાકિસ્તાનમાં પોતાના સમક્ષ ઈમરાન ખાન સામે મિત્રતાનો હાથ લંબાવવો જોઈએ.

તમને જણાવી દઈએ કે, સુપ્રીમ કોર્ટમાં અનુચ્છેદ ૩૫-એ થી સબંધિત સૂનાવણી દરમિયાન રાજ્ય સરકારના વકિલ તરફથી કોર્ટમાં

● અનુસંધાન પાન-૭ પર

## સરકાર નીતિ બદલે નહીંતર સરકાર બદલીશું : દિલ્હીમાં ખેડૂતોની ચીમકી

**દિલ્હીના રસ્તાઓ પર મોદી સરકાર સામે દેશના ખેડૂતો-મજૂરોનો દેખાવ**

ન્યુ દિલ્હી,તા.૫

દિલ્હીમાં વિરોધ માર્ચ બાદ ખેડૂતોએ હુંકાર ભરી છે કે સરકાર નીતિ બદલે નહીંતર તેઓ સરકારને બદલી નાખશે. ખેડૂતોનું કહેવું છે કે ચૂંટણી તો આવે અને જાય છે. પરંતુ સરકારની નીતિઓ ખોટી છે. સરકારને ખેડૂતો, મજૂરો અને ગરીબોને લઈને પોતાની નીતિઓને બદલવી જોઈએ. ખેડૂત રેલીમાં પહોંચેલા સીપીએમના મહાસચિવ સીતારામ યેચુરીએ મોદી સરકાર પર આકરા શાબ્દિક હુમલા કર્યા છે. યેચુરીએ કહ્યુ છે કે જનતાની અંદર ઘણો આક્રોશ છે.

લાખોની સંખ્યામાં ખેડૂત-મજૂરો દિલ્હી આવ્યા છે. તેમણે કહ્યુ છે કે સરકારે જનતાને દગો આપ્યો છે. જો જિંદગી બચાવવી હોય તો મોદી સરકારને હટાવો. યેચુરીએ કહ્યુ છે કે હવે અચ્છે દિન ત્યારે આવશે કે જ્યારે હાલની સરકાર જશે. સીપીએમના મહાસચિવ યેચુરીએ કહ્યુ છે કે ૨૦૧૯માં તેઓ પુરી કોસિશ કરશે

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



અમારા પૂજ્ય શ્રી વિનુભાઈ હીરાભાઈ ભૈરવિયા (પૂર્વ ન્યાયમૂર્તિ, ગુજરાત અને મુંબઈ હાઈકોર્ટ) નું તા.૩-૯-૨૦૧૮ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્દગતનું બેસણું તા.૬-૯-૨૦૧૮ ગુરૂવાર, સાંજે ૫.૦૦ થી ૭.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પરિશ્રમ ભવન, સિધ્ધાર્થ લૉ કૉલેજ કેમ્પસ, સેકટર-૧૬, ગાંધીનગર.

લિ. નિર્મળાબેન વિનુભાઈ ભૈરવિયા
દિપ્તીબેન વિ. ભૈરવિયા
જયેશભાઈ વિ. ભૈરવિયા
વર્ષા જયેશભાઈ ભૈરવિયા
અને ભૈરવિયા પરિવાર

### બેસણું



અમારા મોટાભાઈ મનીષભાઈ દશરથભાઈ અમીનનું તા. ૪/૯/૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૭/૯/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૮થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : રાજપૂત સમાજની વાડી, સેક્ટર-૧૨, ગાંધીનગર

મો. ૯૯૦૯૦ ૦૯૨૫૩
મો. ૭૬૦૦૨ ૦૭૦૨૦

લિ. ધીરેન દશરથભાઈ અમીન
કેવલ મનીષભાઈ અમીન
તથા સમસ્ત અમીન પરિવાર

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
મુકુંદભાઈ કનુભાઈ પટેલ (ઉવારસદ) ● રોહિતભાઈ કનુભાઈ પટેલ
ભાવિન મુકુંદભાઈ પટેલ (પનઘટ કલા કેન્દ્ર) ● પ્રતિક રોહિતભાઈ પટેલ

## હવે બેંક લોન નહીં ભરો તો તમારો પાસપોર્ટ જપ્ત થશે

બેંક લોન ડિફોલ્ટ કરવા અંગે જો કેસ નોંધવામાં આવશે તો પાસપોર્ટ પણ જપ્ત થઈ શકે છે. જાણકારી મળી છે કે સરકાર આ મહિનામાં આ પ્રસ્તાવને કાયદાકીય મંજૂરી આપી શકે છે. જેના કારણે હવે તમે લોન ન ભરી શકો તો તમારો પાસપોર્ટ પણ જપ્ત કરી શકો છો. પાસપોર્ટ જપ્ત કરવાની ગાઈડલાઈન્સ ફાઈનલ થઈ ગઈ છે. લોન ડિફોલ્ટનો કેસ નોંધાશે તો પાસપોર્ટ જપ્ત થઈ શકે છે.

### કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર

**સ્ટેનોગ્રાફરના કોચિંગ વર્ગો**

(૧) કડવા પાટીદાર સમાજ ગાંધીનગર સંચાલિત UCDC દ્વારા અંગ્રેજી / ગુજરાતી સ્ટેનોગ્રાફીના વર્ગો શરૂ કરવાના હોઈ તા. ૧૦/૯/૨૦૧૮ સુધીમાં સંસ્થા ખાતે રૂબરૂ ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી.
(૨) કોચિંગ માટે વધુ ઈન્સ્ટ્રક્ટરની જરૂર હોઈ સંસ્થામાં રૂબરૂ સંપર્ક કરવો.
(૩) મહેસુલી માર્ગદર્શન કેન્દ્ર સંસ્થા ખાતે શરૂ કરેલ હોઈ પ્રશ્ન અંગે સાધનિક કાગળો સાથે અરજી કરેથી નિવૃત્ત મામલતદાર શ્રી કે. કે. પટેલ માર્ગદર્શન આપશે.

(ભરતભાઈ બી. પટેલ) પ્રમુખ
(ભોળાભાઈ આઈ. પટેલ) મહામંત્રી

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

